ક્રમાંક:મશ્રઆ/મહે/COVID-19 /૨૦૨૦
મદદનીશ શ્રમ આયુકતની કચેરી
બહુમાળીમકાન,બ્લોક નં.૧
પહેલો માળ – મહેસાણા
acom-lab-meh@gujarat.gov.in
તારીખ:-01-04-2020

પ્રતિ
વ્યવસ્થાપક/કબ્જેદારશ્રી (મહેસાણા જીલ્લા)

વિષય- .નોવેલ કોરોના વાઇરસ(covid-19)ના સંક્રમણના કારણે કામ પર ગેરહાજર શ્રમયોગી/કર્મચારીઓને છટણી ન કરવા/ પગારન કાપવા બાબત

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે તા.૨૧-૩-૨૦૨૦ ના શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પરિપત્ર અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણાના તા.30/03/૨૦૨૦ ના જાહેરનામા નં. પીઓએલ/વશી/૭૪૭/૨૦૨૦ અન્વયે નોવેલ કોરોના વાઇરસ(covid-19)ના સંક્રમણના કારણે કામ પર ગેરહાજર શ્રમયોગી/કર્મચારીઓને વેતન ચુકવી આપવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૧/૦૪/૨૦૨૦ ની વિડીઓ કોન્ફરન્સમાં સુચન અન્વયે આપના કારખાના /સંસ્થા/ કોન્ટ્રાકટર ના શ્રમયોગીઓને પગાર ચૂકવણી કરી, ચૂકવણીની માહીતી નીચે મુજબના પત્રક માં તાત્કાલીક ઈ-મેઇલ ઉપર સબંધીત અધિકારીને ફોન ઉપર મોકલી આપવા જણાવવામાં આવે છે.

પગાર ચૂકવણી માહીતી

| અ.નં. | સંસ્થા/કોન્ટ્રાકટરનું નામ સરનામું જવાબદાર વ્યકિતનું નામ મોબાઇલ નંબર | સંસ્થાનો પ્રકાર | કુલ શ્રમયોગીની સંખ્યા | કુલ વેતનની રકમ | ચુકવાયેલ રકમ | | અન્ય સુવિધા આપેલ તેની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | શ્રમયોગીની સંખ્યા | વેતનની રકમ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |

સરકારી શ્રમ અધિકારી
મહેસાણા

નોવેલ કોરોના વાઇરસ (COVID.19)ના સંક્રમણના કારણે કામ પર ગેરહાજર શ્રમયોગી/કર્મચારીઓને છટણી ન કરવા / પગાર ન કાપવા બાબત

શ્રમ આયુક્તની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. ૨૧/૦૩/૨૦૨૦

:પરિપત્ર:

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઇરસ (COVID.19) સંબંધમાં ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા નાગરિકોએ લેવાની થતી તકેદારીઓ અન્વયે માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરેલ છે. જે મુજબ સરકારશ્રી દ્વારા નાગરિકોને શક્ય હોય તો ઘરેથી કામ કરવાની અને લોક સંપર્ક ટાળવાની સલાહ આપવામાં આવેલ છે.

ભારત સરકારના શ્રમ મંત્રાલય તરફથી પણ આ કષ્ટદાયી પરિસ્થિતિમાં શ્રમિકોની નોકરી પરથી દુર કરવા કે પગાર વગર રજા ઉપર રહેવાની ફરજ પાડવાના બનાવો બને તેવી શક્યતા ધ્યાને લઇ જાહેર/ખાનગી સંસ્થાઓના માલિકો/કારખાનેદારોએ તેઓની સંસ્થા/કારખાનામાં કામ કરતા તમામ શ્રમયોગીઓ/કર્મચારીઓને ખાસ કરી રોજમદાર અથવા કોન્ટ્રાક્ટના કર્મચારીઓને નોકરી ઉપરથી દુર ના કરવા કે તેમના પગારમાં ઘટાડો ન કરવા અનુરોધ છે તથા શક્ય હોય તેટલા કામદારો/કર્મચારીઓને ઘરેથી કામ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી. આ માટે કર્મચારીઓને લેપટોપ/ટેબલેટ જેવી સગવડ આપવાની વ્યવસ્થા આપતો એક્શન પ્લાન પણ સંસ્થાઓ બનાવી શકે છે. જો કોઇ શ્રમયોગી/કર્મચારી કોરોના વાઇરસથી અસરગ્રસ્ત થયેલ હોય કે અસરગ્રસ્ત હોવા અંગેના શંકાસ્પદ વ્યક્તિ તરીકે Identify થયેલ હોય કે આ મહામારી સંલગ્ન અન્ય કારણોસર જો તા.૧૫/૦૪/૨૦૨૦ સુધી ગેરહાજર રહે તો તેઓ નોકરી/કામ પર હાજર છે તેમ ગણવા તથા તેઓના પગારમાંથી કોઇ કપાત ન કરવા કે તેઓની છટણી ન કરવી. આ ઉપરાંત, મહામારીના પરિણામે જો આપની સંસ્થા અથવા કારખાનુ બંધ રાખવાના સંજોગો ઊભા થાય તો તે સમય માટે કર્મચારી/શ્રમયોગીને ફરજ ઉપર હાજર ગણવા અને પગાર કપાત ન કરવા આથી અનુરોધ કરવામાં આવે છે. આમ કરવાથી રાજ્યની જાહેર/ખાનગી સંસ્થાઓ/કારખાનાઓમાં કામ કરતા શ્રમયોગીઓને આર્થિક તેમજ નૈતિક ટેકો આપીને શ્રમયોગીઓ/કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને કટોકટીના સમયમાં સહાય કરવાની સામાજિક જવાબદારી નિભાવવા કટિબદ્ધ થઇએ.

શ્રમ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના (૨૨મોની) કલમ–૩૩(૧) મુજબ
## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા ધ્વારા જાહેરનામું

નં.પીઓએલ/વશી/૭૪૭/૨૦૨૦
જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી, મહેસાણા
તા.૩૦/૦૩/૨૦૨૦

જાહેરનામું:-

ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંક:40-3/2020-DM-I(A), Dt.24/03/2020થી સમગ્ર ભારતમાં ૨૧ દિવસ માટે સમગ્ર ભારતમાં લોકડાઉન કરવાનો હુકમ થયેલ છે તથા તેને અનુલક્ષીને ભારત સરકારના જોડાણ હુકમ તા.૨૯/૦૩/૨૦૨૦થી આપવામાં આવેલ સુચનાઓ અનુલક્ષીને જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું પ્રદિપસિંહ રાઠોડ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા આનુષાંગીક લેવાના થતા પગલાઓ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

(1) સમગ્ર મહેસાણા જિલ્લાના વિસ્તારમાં કોઇ મકાન માલિક તેઓના ભાડૂઆતને હાલ મકાન ખાલી કરવા માટે મજબૂર ન કરે કે મકાન જબરજસ્તી ખાલી ન કરાવે તેમજ જ્યાં કામદારો/અન્ય રાજ્યના મજુરો/કર્મચારીઓ ભાડેથી મકાન રાખી રહેતા હોય તેઓની પાસેથી આગામી એક માસ સુધી કોઇ ભાડાની રકમ માંગી શકશે નહી.

(2) સમગ્ર મહેસાણા જિલ્લામાં ચાલતી કન્સ્ટ્રકશન સાઇટ, ઔદ્યોગીક સંસ્થાનો, દુકાનો અને વ્યાપારીક/વ્યવસાયીક સંસ્થાનોએ લોકડાઉનના સમયગાળા દરમ્યાન તેઓનો વ્યવસાય બંધ રહે તે દરમ્યાન કોઈપણ પ્રકારના કપાત સિવાય કર્મચારીઓનું વેતન/મહેનતાણું ચુકવવાનું રહેશે. તેમજ કન્સ્ટ્રકશન સાઇટ પરના મજુરોને રહેવાની, જમવાની તથા આરોગ્ય લક્ષી વ્યવસ્થા જે-તે કન્સ્ટ્રકશન સાઇટના માલિકે કરવાની રહેશે. તેઓને હિજરત કરવાની ફરજ ન પડે તેની સંપૂર્ણ જવાબદારી જે-તે ઔદ્યોગીક સંસ્થાનો, દુકાનો અને વ્યાપારીક/વ્યવસાયીક સંસ્થાનો, કન્સ્ટ્રકશન સાઇટના માલિકની રહેશે.

અપવાદ:-

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ ઉપર અથવા રોજગારીમા હોય તેમજ ગુજરાત સરકારશ્રી ધ્વારા જાહેર કરેલ રોજીંદા જીવન જરૂરીયાતની આવશ્યક ચીજ-વસ્તુઓના ધંધા/વ્યવસાયમા સંકળાયેલા લોકોને તેમજ સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવનારને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલે ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરવાની રહેશે.

આ જાહેરનામું તા.૩૦/૦૩/૨૦૨૦ થી તા.૧૫/૦૪/૨૦૨૦ સુધી (બન્ને દિવસો સહીત) અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામું સમગ્ર મહેસાણા જિલ્લાના વિસ્તારને લાગુ પડશે.

આજ, તા. ૩૦ માહે-માર્ચ-૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યુ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણા

30.3.20

(પ્રદિપસિંહ રાઠોડ)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
મહેસાણા

<u>નકલ સવિનય રવાના</u> ::–

(૧) પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૨) પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા તરફ સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તેમજ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.
(૩) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા/ વિસનગર/ખેરાલુ/કડી તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.
(૪) નાયબ પોલીસ અધિકારીશ્રી (મુખ્ય મથક) મહેસાણા.
(૫) વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ ખાતું, વડોદરા તરફ.
ર/– આગામી એક્સ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.
(૬) નાયબ માહીતી નિયામકશ્રી, મહેસાણા તરફ સ્થાનિક વર્તમાનપત્રોમાં તાકીદે વિના મુલ્યે આઈટમ ઓફ ન્યુઝ તરીકે પ્રદર્શિત કરવા સારૂ.
(૭) રજિસ્ટ્રારશ્રી,જિલ્લા અદાલત મહેસાણા તરફ જાણ–વ–જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ કરાવવા સારુ વિનંતી સહ.
(૮) રજિસ્ટ્રારશ્રી, જે.એમ.એફ.સી.કોર્ટ મહેસાણા,વિસનગર, કડી, વિજાપુર, ઉંઝા, ખેરાલું,વડનગર,બેચરાજી, સતલાસણા તરફ જાણ–વ–જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ કરાવવા સારુ વિનંતી સહ.

<u>નકલ રવાના</u> :–

(૧) એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટશ્રી,મહેસાણા,વિસનગર,કડી,વિજાપુર,ઉંઝા,ખેરાલું,સતલાસણા, વડનગર,બેચરજી જોટાણા તરફ જાણ તેમજ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા સારૂ.તેમજ તે અંગેનો પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.
(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, મહેસાણા, વિસનગર, કડી, વિજાપુર, ઉંઝા, ખેરાલુ, સતલાસણા, વડનગર, બેચરાજી, જોટાણા તરફ જાણ તેમજ જાહેરનામાની પ્રસિધ્ધિ તમામ ગ્રામ પંચાયતોમાં કરાવી તે અંગેનો પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.
(૩) સીલેકટ ફાઈલે.